## આજકાલ હું મનનું કહ્યું કરું છું

આજકાલ હું મનનું કહ્યું કરું છું
કૉફી ભરેલા મોટા મગથી
હાથને
અને
ફૈઝની નજમોથી
મારો માંહ્યલો શેકું છું...

રોજ સવારે –
છાપાંમાં છપાયેલા સમાચારો પર
નિરાંતે દલીલો કરું છું
સરસોંનું શાક
અને ચીલ-ભાજીની રોટલી
ક્યારેક ગોળ તો
ક્યારેક લીલા મરચાંની મોજ માણું છું
મારી બારીમાં મૂકેલા કૂંડામાં
વાવેલી ખેતીને
પાણીથી સિંચું છું
સાંજે -
રખડુંની જેમ ફરતાં ફરતાં
વૃક્ષોની ટોચે બેઠેલી
ચકલીઓનો કલરવ સાંભળું છું
ક્યારેક
ભરબપોરે
મિત્રોનો હાથ ઝાલી
મારા ગલી-મહોલ્લાની
વાતોથી વીંટળાઉં છું

વધ્યાં ઘટ્યાં વૃક્ષો પર

પંખીઓ માળો ગૂંથી શકે
એવા પ્રયાસોમાં સામેલ થાઉં છું
સાંજ વીત્યે –
મારા ગામની માટીને
દૂરથી જ પંપાળું છું

મારા મિત્રો કહે છે –
આજકાલ હું કંઈ જ નથી કરતી!
કારણ કે –
આજકાલ હું મારા મનનું કહ્યું કરું છું...

## વારસો

વારસામાં મળે છે –
ચૂલો
વાસણો – સાડીઓ
સોનું - ચાંદી
ગળામાં ઝૂલતી 'વરમાળા'
કાંડું દબાવી દબાવીને પહેરાવેલા 'ચૂડલા'
અને ઢગલો બંગડીઓ
પગની આંગળીઓને
જકડી નાખતાં 'વીંછિયા'
ગાલોને લાલ કરતો રંગ
નાક વીંધતી 'નથણી'
પેટીમાં બંધ 'દહેજ'
કાનોમાં ગણગણતી શિખામણો -
કોઈ પણ પરિસ્થિતિમાં રહેવાની ચેતવણી,
અણીદાર શબ્દો સહી લેવાની કળા...
પણ
માએ
આવા વારસામાંથી
રાખી હતી બાકાત મને!

## ચાકથી આંચ

કાયમ
કુંભારના ઘેર થઈને
જતી હતી ખેતરમાં
ચાકે ચડેલી માટી
હાથમાં લઈ
ગોળ ગોળ ફેરવતી હતી
હંમેશાં એક સવાલ –
કુંજો - માટલું - કોડિયાં
માટી બનાવે છે કે બનાવે છે હાથ?
નાનીનું એ જ હાસ્ય
અને રોકડિયો જવાબ –
ન માટી, ન હાથ
બધુંય બનાવે છે આગ
તપે છે માટી
તેથી જ તો બને છે
નહીં તો તૂટી જઈને
ભળી રહેત માટીમાં જ
આગ
તપાવે છે
બાળે છે
ભઠ્ઠીમાં નાખેલા એક એક ઢાંચાને
બનાવે છે પાકટ.

વળી મારો સવાલ –
પણ આગ તો રાખ કરી નાખે છે બધુંય!
ઉદ્દંડ બની
ઘર, ગામ, ખેતર, દેહ
બાળી મૂકે છે બધુંય

નાનીનો ફરી જોરદાર જવાબ –
આગ જ બનાવે છે બધુંય!
દીવામાં ઊતરે છે
ત્યારે પ્રાર્થના બની જાય છે
અને દેહમાં ફેલાય છે
ત્યારે સમગ્ર સૃષ્ટિ બની જાય છે
તારી અંદર –
સાચવી રાખજે આગ
તો જ બની શકીશ
નહીં તો રહી જઈશ
જીવનભર માટી
તારી અંદર સાચવી રાખજે એક આગ...